કામનો યશ કોને મળશે એ જોયા વિના કામ કરવું એ જ કામ કરવાની અને યશસ્વી થવાની સારામાં સારી રીત છે
- વજુ કોટક

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૮૭ | ૩૦ ડિસેમ્બર, ૨૦૧૪, મંગળવાર ; પોષ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## આજના કર્મચારી ધરણા મોકુફ

### મુખ્ય સચિવ સાથેની મંત્રણા ૨૮મી પર મુલત્વી રખાઈ : સરકારનો હકારાત્મક અભિગમ

ગાંધીનગર, તા.૨૯

કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આજે કર્મચારી મંડળોના આગેવાનો અને રાજયના મુખ્ય સચિવ વચ્ચે મહત્વની મંત્રણાઓ યોજાઈ હતી. જેમાં કેટલાક પ્રશ્નોના ઉકેલ માટે સરકાર તરફથી હકારાત્મક વલણ અપનાવવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. ૩૦મીના ધરણાનો કાર્યક્રમ મોકુફ રખાયો છે.

કર્મચારીઓના પડતર પ્રશ્નોના ઉકેલ માટે મંડળો દ્વારા અનેકવાર સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી. આમ છતાં કોઈ જ ઉકેલ ન આવતાં કર્મચારી મંડળ દ્વારા સરકાર સામે આંદોલન છોડવા અને વાયબ્રન્ટ સમિટનો વિરોધ કરવાનો કાર્યક્રમ આપવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

આજ રોજ સરકારશ્રીના મુખ્ય સચિવશ્રી અને કર્મચારી પરિવારના વડા શ્રી ડી.જે. પાંડીયન સાથે ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિના અધ્યક્ષશ્રી વિષ્ણુભાઈ પટેલ, મહામંત્રીશ્રી અબ્દુલભાઈ ચૌહાણ, કન્વીનરશ્રી ચંદુભાઈ જોષી, ઉપાધ્યક્ષશ્રી દેવમુરારી, માલવતભાઈ, રામીભાઈ (રેવન્યુ) શ્રીમાળીભાઈ (બોર્ડ-નિગમ), પુનમભાઈ (વર્ગ-૪) તથા સચિવાલય પરિવારના શ્રી ભવાનસિંહ પરમાર, પ્રદિપસિંહ બિહોલા, તેજસ પટેલ, શ્રી એમ.બી. શાહ (પંચાયત) બળદેવભાઈ ચૌધરી(પ્રા.શિ.સંઘ) તથા પ્રવકતા શ્રી આર.એ. પટેલ સાથે કર્મચારીઓના તમામ પ્રશ્નો બાબતે વિગતે લંબાણપૂર્વક ચર્ચાઓ થયા બાદ મુખ્ય સચિવશ્રી તરફથી પ્રશ્નો અંગે નિરાકરણ લાવવા અલગ અલગ વિભાગ કક્ષાએ તાકીદે બેઠકો યોજીને આગામી ૨૮મી જાન્યુઆરીના રોજ ફરીથી આજ હોદ્દેદારો સાથે બેઠક યોજી પરિણામલક્ષી પ્રશ્નોના ઉકેલ લાવવા સહમતી સધાયેલ હોઈ સંકલન સમિતિના નેજા હેઠલ આપવામાં આવેલ ૩૦-૧૨-૧૪ના રોજનો ધરણાનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવેલ છે તેવું સંકલન સમિતિના પ્રવકતા શ્રી આર.એ. પટેલે જણાવ્યું છે.



સ્વર્ણિમ પાર્કના નયનરમ્ય ફુવારા

(તસવીર : કશ્યપ નિમાવત)



(તસવીર : કશ્યપ નિમાવત)

માર્ગનું વિસ્તૃતિકરણ - ગાંધીનગરના માર્ગોની સજાવટનું કામ રાત-દિવસ ચાલી રહ્યું છે... ચ-માર્ગ અને ઘ-માર્ગના પગલે ગ-માર્ગ પર સજાવાઈ રહ્યો છે... વિસ્તૃત કરી સફાઈ અને દુરસ્તીનું કામ પૂરજોશમાં ચાલે છે... વાયબ્રન્ટ સમિટમાં ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા માર્ગોના વિસ્તૃતિકરણની કામગીરી ચાલી રહી છે.

## સપ્ટેમ્બરમાં સૌથી વધુ બાળકોનો જન્મ

### જાન્યુઆરી માસમાં સૌથી વધુ મૃત્યુ ૧૪૭ના થયા : ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓકટોબરમાં જ ૨૧૫૯ બાળકોનો જન્મ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં સપ્ટેમ્બર માસમાં સૌથી વધુ બાળકોએ જન્મ લીધો છે જયારે જાન્યુઆરી માસમાં સૌથી વધુ લોકોના મૃત્યુ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં ૨૦૧૪ના વર્ષમાં કુલ ૭૪૩૦ બાળકોનો જન્મ થયો છે. જેમાં જાન્યુઆરીથી નવેમ્બર માસ દરમિયાન ૬૮૧૭ બાળકોએ જન્મ લીધો હતો. જેમાં ૩૬૯૬ પુરુષ અને ૩૧૨૧ કન્યાઓનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં સૌથી વધુ બાળકોએ સપ્ટેમ્બર માસમાં જન્મ લીધો છે. જેની સંખ્યા ૭૪૬ છે.આ પછી ઓગષ્ટ માસમાં ૭૧૧ બાળકો અને ઓકટોબર માસમાં ૭૦૨ બાળકો, નવેમ્બર માસમાં ૬૯૩ બાળકોનો જન્મ થયો હતો.

શહેરમાં સૌથી વધુ દિકરીઓ ઓગષ્ટ માસમાં જન્મી હતી. જેની સંખ્યા ૩૪૨ છે. સપ્ટેમ્બરમાં ૩૩૬ નવેમ્બરમાં ૩૩૦, ઓકટોબરમાં ૩૧૩ કન્યાઓનો જન્મ નોંધાયો છે.

ચાલુ માસમાં આજની તારીખ સુધીમાં ૬૧૩ બાળકોએ જન્મ લીધો છે. આમ ૧ જાન્યુઆરીથી ૨૯ ડિસેમ્બર સુધીમાં ૭૪૩૦ બાળકોએ જન્મ લીધો છે.

ગાંધીનગર શહેરમાં ૧લી જાન્યુઆરીથી ૨૯ ડિસેમ્બર સુધીમાં ૧૩૩૯ વ્યકિતઓના મોત થયા છે. જેમાં ૧લી જાન્યુઆરી ૩૧ નવેમ્બર સુધીમાં ૮૦૦ પુરુષ અને ૪૨૬ મહિલાઓનો સમાવેશ થાય છે.

સૌથી વધુ મૃત્યુ જાન્યુઆરી માસમાં ૧૪૭ નોંધાયા છે. જેમાં ૮૯ પુરુષ અને ૫૮ મહિલાઓનો સમાવેશ થાય છે. જે મહિનામાં સૌથી વધુ મહિલા મૃત્યુ નોંધાયા છે જે સંખ્યા ૭૩ છે. આ મહિનામાં કુલ ૧૨૬ વ્યકિતઓના મોત થયા હતા.

ઓકટોબર માસમાં ૧૩૩, સપ્ટેમ્બરમાં ૧૨૮ના મોત નોંધાયા છે. સરેરાશ મહિને ૧૦૦ જેટલી વ્યકિતઓ મોતને ભેટી રહી છે. સૌથી વધુ પુરુષોના મૃત્યુ ૨૦૧૪માં નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં પુરુષોના સૌથી વધુ મોત ઓકટોબર માસમાં ૯૬ નોંધાયા છે. આ પછી જાન્યુઆરીમાં ૮૯, સપ્ટેમ્બમાં ૮૭, માર્ચમાં ૮૬ પુરુષોના મોત નોંધાયા છે. ફેબ્રુઆરી, એપ્રિલ અને જુલાઈમાં ૧૦૦થી પણ ઓછા મૃત્યુ નોંધાયા છે. ચાલુ મહિનામાં ૧૧૩ વ્યકિતઓના મૃત્યુ નોંધાયા છે.

## ઠંડીમાં વધ ઘટ યથાવત પારો ૧૧.૬ ડિગ્રી

### એ : કડકડતી ઠંડીમાં પણ નવા વર્ષને વધાવવા નગરના યુવા ધનમાં ભારે ઉત્સાહ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં ઠંડીના પારામાં સતત વધઘટ ચાલુ રહેવા પામી છે. હજુ ગઈ કાલે લઘુત્તમ ૭.૮ ડિગ્રી સે. એ પહોંચેલો પારો ફરી ઉછાળા સાથે આજે લઘુત્તમ ૧૧.૬ ડિગ્રીએ આવી ગયો હતો. જેના કારણે નગરજનોને ઠંડીમાં રાહત જણાઈ હતી. જો કે દિવસભર સતત પવન ફુંકાતો રહેવાના કારણે હજુ પણ સૂકી ઠંડીનો અહેસાસ યથાવત રહેવા પામ્યો છે.

વર્ષ ૨૦૧૪ના આખરી દિવસોમાં ઠંડીનો પારો પણ જાણે નૃત્ય કરી રહ્યો હોય તેમ વધઘટ થઈ રહ્યો છે. આજે મહત્તમ તાપમાન ૨૫.૨ ડિ.સે. નોંધાયું હતું પરંતુ લઘુત્તમ તાપમાન ૧૧.૬ ડિગ્રીએ અટકી જવા પામ્યું હતું. સવારે ભેજનું પ્રમાણ જે ૫૪ ટકા હતું તે સાંજ સુધીમાં ઘટીને ૩૧ ટકા રહ્યું હતું. વર્ષના અંતિમ દિવસ ૩૧મી ડિસેમ્બરે મધરાતે નવ વર્ષના આગમનને વધાવવા નગરજનો વિવિધ કાર્યક્રમો સાથે કમર કસી રહ્યા છે ત્યારે કડકડતી ઠંડી તેમાં વિલન પુરવાર થાય તેવું જણાઈ રહ્યું હતું તેમાં હવે થોડીક રાહત જણાઈ છે. જો કે ૩૧મી ડિસેમ્બરે પણ જો પારો ૧૨ ડિગ્રી કરતા નીચો રહેશે તો નગરજનોના આ ઉત્સાહમાં ઘટાડો થઈ શકે છે. જો કે નગરમાં યુવા ધન નવા વર્ષને વધાવવા કોઈ પણ પ્રકારના વાતાવરણમાં ઉજવણી કરવા કટિબધ્ધ હોવાનું જણાઈ રહ્યું છે. ત્યારે તેમના જોશ અને થનગનાટનો કુદરત કેવો પ્રતિભાવ આપે છે તે જોવું રહ્યું.

## ડેન્ગ્યુથી સેકટર-૨૧ના અગ્રણી વેપારીનું અવસાન

### ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા : શહેરના સે.૨૯માં ડેન્ગ્યુના કેસો હોવાની શંકા : સે.૨૯ ડેન્ગ્યુ - મેલેરિયા માટે સંવેદનશીલ ગણવામાં આવે છે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના શંકાસ્પદ કેસમાં વેપારી અગ્રણી શ્રી હુસેનભાઈ એહમદભાઈ તૈયબાણીનું ગઈકાલે અવસાન થયું છે.

તેઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા અને સારવાર દરમિયાન મૃત્યુ થતાં શહેરની વેપારી અલમમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે. ડેન્ગ્યુના શંકાસ્પદ મોતને લઈ આરોગ્ય તંત્ર પણ હરકતમાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે તેઓ ૨૨ ડિસેમ્બરથી તાવમાં પટકાયા હતા અને તેમણે એક સપ્તાહના ટુંકાગાળામાં જ ત્રણ ખાનગી તબીબો પાસે સારવાર લીધી હતી. ગઈકાલે ગાંધીનગર નજીકની એક ખાનગી હોસ્પિટલમાં તેમનું અવસાન થયું હતું.

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના અત્યાર સુધીમાં આ વર્ષે ૨૦ જેટલા કેસ નોંધાયા છે. જો કે એન.એસ.-૧ ટેસ્ટમાં પોઝીટીવની શંકા વ્યક્ત કરાયા બાદ દર્દીના આઈજીજી અને આઈજીએમ એવા ટેસ્ટ થતાં હોય છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં આ વખતે વાહકજન્ય રોગચાળામાં આવતા કેસો ઓછા નોંધાયા છે.

સતત બીજા વર્ષે ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુથી મોત થવાની ઘટનાને લઈ શહેરમાં તે ચર્ચાનો મુદ્દો બન્યો છે. ગત વર્ષે એક ઉચ્ચ અધિકારીના પત્નીનું મોત નીપજ્યું હતું જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાના છુટા છવાયા કેસો સતત આ વર્ષે નોંધાતા રહ્યા છે.

શ્રી હુસેનભાઈ સે.૨૧માં વેપારી તરીકેની આગવી ઓળખ ધરાવતા હતા. સ્વર્ગસ્થની અંતિમયાત્રામાં પણ નગરના વેપારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

સે.૨૯માં તેઓ રહેતા હતા અને ત્યાં ડેન્ગ્યુના વધુ કેસ હોવાની શંકાઓ વ્યક્ત થઈ રહી છે. તંત્ર દ્વારા આ વિસ્તારમાં તાત્કાલિક સર્વેલન્સ હાથ ધરવામાં આવે તેમ સૌ વસાહતીઓ ઈચ્છી રહ્યા છે. સે.૨૯ આમેય વાહકજન્ય રોગચાળા માટે પહેલેથી જ સંવેદનશીલ રહ્યું છે.

## જિલ્લા ભાજપ પ્રમુખ સહિત ૩ આગેવાનોને બોર્ડ-નિગમોમાં સ્થાન

### પ્રભારી રમીલાબેન બારાને આદિજાતિ વિકાસ નિગમમાં નિયુક્તિ તો જિલ્લા પ્રમુખ નૌલેશ શાહનો ઔડામાં સમાવેશ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા ભાજપ અને શહેર ભાજપના પ્રભારી તેમજ નિવૃત્ત અધિકારી શ્રીમતી રમીલાબેન બારાની આજે રાજ્ય સરકારે આદિજાતિ વિકાસ નિગમના અધ્યક્ષ તરીકે નિમણુંક કરી છે.

આ ઉપરાંત જિલ્લા ભાજપના પ્રમુખશ્રી નૌલેશ શાહની ઔડાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં, શ્રી ભગવાનદાસ પંચાલની એસ.ટી. નિગમના ડિરેક્ટર તરીકે તેમજ શ્રી રતનસિંહ ભવાનસિંહ વાઘેલા, મંગલસિંહ રાણા-માણસા, શિલ્પાબેન ઠાકોરની સંગીત નાટક અકાદમીમાં સભ્ય તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

રાજ્ય સરકારે આજે ઔડા સહિત સાત જેટલા નવા ચેરમેનોના નામની ઘોષણા કરી છે. આ ઉપરાંત બે ઉપાધ્યક્ષોની નિમણુંક કરી છે.

સરકારે મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડમાં અધ્યક્ષ તરીકે શ્રી રૂપાણીના રાજીનામા પછી રાજકોટના જ અગ્રણી શ્રી ધનસુખભાઈ ભંડેરીની નિમણુંક કરી છે.

રાજ્ય સરકાર દ્વારા બોર્ડ - નિગમોની પુનઃ રચનાના આ ત્રીજા ચરણમાં પણ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ,, ખાદી બોર્ડ સહિત ઘણા બધા બોર્ડ - નિગમો બાકી રાખ્યા છે.

સરકાર દ્વારા આજે જાહેર કરાયેલ સત્તા યાદીમાં જિલ્લા પ્રમુખ ઉપરાંત બે અગ્રણીઓની બોર્ડ મેમ્બર તરીકે નિયુક્તિ કરી છે જ્યારે જિલ્લાના પ્રભારી શ્રીમતી રમીલાબેન બારાની અધ્યક્ષ તરીકે નિયુક્તિ કરતાં જિલ્લા ભાજપમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.







